એચ.આર.ટી.-૧
નવી બાબત (વર્ષ ૨૦૧૯-૨૦)

નાયબ બાગાયત નિયામક, અમદાવાદ અને નવસારીની કચેરી દીઠ એક એમ કુલ-૦૨ વાહન ખરીદવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક : બગમ/૧૦૧૯/૯૪૯/ક.૮
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૮/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) બાગાયત નિયામકશ્રીના તા.૧૮/૫/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/બ-૧૨/ફા.નં.૧૭/૭૩૯૨-૯૩/૧૯

(૨) બાગાયત નિયામકશ્રીના તા.૯/૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક: બગત/બ-૧૨/૧૯-૨૦/ફા.નં.૧૭/૧૦૩૦૬-૩૦૭/૧૯

આમુખ-

બાગાયત ખાતા હેઠળ જીલ્લા કક્ષાના નાયબ બાગાયત નિયામક સંવર્ગના અધિકારીશ્રીઓને સરકારની યોજનાકીય કામગીરી અંતર્ગત જીલ્લામાં, વડી કચેરી/વિભાગીત કચેરી ખાતે બેઠક/સેમીનાર, કૃષિ મહોત્સવ, ખેડૂત ગ્રામસભા વગેરે કાર્યક્રમો માટે પ્રવાસ કરવો પડતો હોવાથી અમદાવાદ અને નવસારી જીલ્લાની કચેરીઓ માટે રદબાતલ કરવામાં આવેલ ૦૨ વાહનોની અવેજીમાં ૦૨ વાહનો નવાં ખરીદવા મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રીની કાળજીપૂર્વક વિચારણાના અંતે બાગાયત ખાતાની જરૂરીયાત મુજબ નાયબ બાગાયત નિયામક, અમદાવાદ અને નવસારીની કચેરી દીઠ એક એમ કુલ-૦૨ નવા વાહન ખરીદવા માટે (પ્રતિ વાહન રૂ. ૭.૦૦/- લાખ લેખે) વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ.૧૪.૦૦ લાખની નવી બાબત હેઠળની જોગવાઇને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

બાગાયત નિયામકશ્રીની કચેરી,
ગુ.રા. કૃષિભવન, ગાંધીનગર
આવક નં. ૧૦૦૯
તારીખ : 21 AUG 2019

Scanned by CamScanner

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પાડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વાહનની ખરીદી બંદર અને વાહન વ્યવહાર વિભાગના તા.૬/૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૧૦૨૦૧૩/૩૧૯/ઘ ની જોગવાઇ અને શરતોને અનુસરીને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કરવાની રહેશે.

(૮) બંદર અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં. બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૬/૩/૨૦૧૯ના ઠરાવમાં જણાવ્યા સિવાયનું વાહન ખરીદવા અંગે બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૯) નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહન ખાતાએ રદબાતલ કરેલ ન હોય તો પ્રથમ ગૃહ વિભાગના તા.૭/૧૨/૨૦૦૨ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ૧૦/૨૦૦૧/૩૦૨૬/ઘ ની જોગવાઇઓને અનુસરીને વાહન રદબાતલ કરાવવાનું રહેશે. વાહનની અપસેટ કિંમત નક્કી કરી તેનો નિકાલ કરવાનો રહેશે.

(૧૦) વિચારણા હેઠળના વાહન માટે ડ્રાઇવરની જગ્યા ભરાયેલ હોવાની શરતે જ નવું વાહન ખરીદવાનું ઉપલબ્ધ ન હોય તો વિભાગે વાહન ભાડે રાખવાની દરખાસ્ત અલગથી કરવાની રહેશે. ડ્રાઇવરની જગ્યા ઉભી કરવા/ભરવા માંગણી સ્વીકારવામાં આવશે નહીં.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૧૨) વાહનની ખરીદી અંગે રાજ્ય સરકારની ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) જે અધિકારી માટે વાહન ખરીદવામાં આવેલ હોય તે જગ્યા નિયમિત રીતે ભરાયેલ હોવી જોઇએ. વધારાના ચાર્જથી ભરાયેલ જગ્યા માટે વાહન ફાળવી શકાશે નહીં.

(૧૪) જો ડ્રાઇવરની જગ્યા ખાલી હોય તો સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આ જગ્યાની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કોઇ પણ વસ્તુની ખરીદી ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: એસ.પી.ઓ.-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી નક્કી કરવામાં આવેલ

Scanned by CamScanner

નીતિ મુજબ ફરજીયાત GEM પોર્ટલ પરથી કરવાની રહેશે તેમજ વખતોવખત ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલ ધારાધોરણો મુજબ કરવાની રહેશે.

આ યોજના માટેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક | :૦૨ |
| સેક્ટર | :ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર | :ક-કૃષિ અને સંલગ્ન સેવાઓ |
| મુખ્ય સદર | :૨૪૦૧-પાક કૃષિ વ્યવસ્થા |
| ગૌણ સદર | :૦૦૧-નિર્દેશ અને વહીવટ |
| પેટા સદર | :૦૫- બાગાયત નિયામકની કચેરી (પ્લાન) |

૨. વિભાગની બજેટ શાખા અને નાણા વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર બાગાયત નિયામકશ્રીએ નાણા વિભાગની વખતો વખતની સુચનાઓ ધ્યાને લઈને ખર્ચ કરવાનો રહેશે.

૩. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અ.મુ.સ.શ્રી(નાણાં)ની તા:૯/૮/૨૦૧૯ તથા અ.મુ.સ.શ્રી(કૃષિ)ની તા.૯/૮/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એમ.બી.કંથારીયા)
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ:

(૧) બાગાયત નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર
(૨) ખેતી નિયામકશ્રી, કૃષિભવન, સેકટર ૧૦-એ, ગાંધીનગર
(૩) સંયુક્ત બાગાયત નિયામકશ્રી, (વિભાગીય કક્ષા) વડોદરા/ રાજકોટ
(૪) એકાઉટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/નવસારી.
(૬) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની નાણા શાખા/બજેટ શાખા/આયોજન શાખા, સચિવાલય, ગાંધીનગર
(૮) નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ
(૯) શાખા સીલેકટ ફાઇલ

Scanned by CamScanner